**મુદ્દા નં.૦૧ :– સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો :**

**પ્રસ્તાવના :**

સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં રહેતા શહેરીજનોને સરકારશ્રીની વિવિધ આવાસ યોજના અંતર્ગત પોતાનું ઘર મળી રહે તે માટે નિર્માણ થયેલ આવાસોનાં પાત્ર લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવા અંગેની સંલગ્ન તમામ કાર્યવાહી કરવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલની રચના એપ્રિલ–૨૦૧૪ માં કરવામાં આવી હતી. સરકારશ્રીની યોજના અંતર્ગત નિર્માણ થયેલ આવાસોની ફાળવણી અંગે જરૂરીયાત મુજબ આ સેલનું વિસ્તરણ થતુ ગયુ અને તા.૦૪/૧૨/૨૦૧૪ થી એફોર્ડેબલ હાઉસીંગ સેલ બનાવવામાં આવ્યો.

**કાર્યો અને ફરજો :** એફોર્ડેબલ હાઉસીંગ સેલનાં કાર્યો અને ફરજો નીચે મુજબ છે.

(૧) સુરત મહાનગરપાલિકાનાં વિસ્તારમાં રહેતા શહેરી ગરીબોને આવાસ મળે તે માટે નિર્માણાધિન આવાસોની જુદી જુદી કેટેગરી અને યોજના અંતર્ગત ફોર્મ અને જાહેરાત બહાર પાડવી.

(૨) મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ./ એલ.આઈ.જી. આવાસો અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈ.ડબલ્યુ.એસ.–૧ ટાઈપ અને ઈ.ડબલ્યુ.એસ.–૨ ટાઈપ સ્કીમના આવાસોની આવેલ અરજીનું ચેકીંગ કરવુ, અરજીઓનું ચેકીંગ કર્યા બાદ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માટેની કાર્યવાહી કરવી.

(૩) ડ્રો દ્વારા ફાળવેલ આવાસોની યોજના અનુસાર નાણાં ભરાવવાની કામગીરી કરવી.

(૪) એલોટમેન્ટ લેટર તૈયાર કરવા.

(૫) ઈનવેલીડ અરજીઓનાં નાણાં પરત કરવાની કામગીરી.

(૬) " કન્વેયન્સ ડીડ " બનાવવા માટેની કામગીરી